# આજે બીજી વન ડે : ભારતની નજર અજેય સરસાઇ પર

**આત્મવિશ્વાસ** સભર ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ સામેની વનડે સીરિઝ અંકે કરવા મેદાને ઉતરશે

**સુંદરને** સ્થાને ટીમમાં એકમાત્ર ફેરફાર તરીકે સંભવત: નીતિશ કુમાર રેડ્ડીનો સમાવેશ થઇ શકે

**બપોરે** 1.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



રાજકોટ, તા. 13 (પીટીઆઈ) : ભારતીય ટીમ આવતીકાલે બુધવારે જ્યારે અહીં બીજી વન ડે રમવા માટે ન્યૂઝીલેન્ડ સામે મેદાને ઉતરશે ત્યારે તેમની નજર આ મેચ જીતીને સીરિઝમાં અજેય સરસાઇ મેળવવા પર રહેશે. ભારતના કેટલાક ખેલાડીઓની ઈજાઓ અંગે વધતી ચિંતાઓ વિરાટ કોહલીના શાનદાર ફોર્મથી કંઈક અંશે હળવી થઈ ગઈ છે.

વડોદરામાં રમાયેલી પહેલી મેચમાં ભારતે ન્યુઝીલેન્ડને ચાર વિકેટથી હરાવ્યું હતું. વોશિંગ્ટન સુંદર તે મેચમાં ઘાયલ થયો હતો અને તેને વન ડે સીરિઝમાંથી બહાર કરવામાં આવ્યો છે. પસંદગીકારોએ દિલ્હીના આયુષ બદોનીનો ટીમમાં સમાવેશ કર્યો છે પરંતુ ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરની ઓલરાઉન્ડરોને પ્રાથમિકતા આપવાની વ્યૂહરચનાને ધ્યાનમાં રાખીને, નીતિશ કુમાર રેડ્ડી જેવા બીજા ઓલરાઉન્ડરને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરી શકે છે. પહેલી વનડે પહેલા ઈજાના કારણે ઋષભ પંત સીરિઝમાંથી બહાર થઈ ગયો હતો. પસંદગીકારોએ તેની જગ્યાએ ધ્રુવ જુરેલને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય લીધો છે, જે ટીમ મેનેજમેન્ટ માટે નિષ્ણાત બેટ્સમેન તરીકે બીજો વિકલ્પ બની શકે છે.

ભારતીય ટીમ પાસે ઘણા વિકલ્પો છે પરંતુ આવતા મહિને શરૂ થઈ રહેલા ટી-20 વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને, તે કોઈ જોખમ લેવા માંગશે નહીં. ટી-20 ટીમનો બેટિંગ ક્રમ વન ડે ટીમ કરતાં સંપૂર્ણપણે અલગ હશે. ભારતીય ટીમની આ ચિંતાઓ વચ્ચે, બધાની નજર કોહલી અને રોહિત શર્મા પર રહેશે, જેઓ હવે તેમની કારકિર્દીના અંતિમ તબક્કામાં છે. કોહલી પહેલી મેચમાં તેની 54મી વન ડે સદી ચૂકી ગયો, પરંતુ તેના 91 બોલમાં 93 રને ભારતની જીતનો પાયો નાખ્યો હતો. કોહલી હાલમાં એક અલગ પ્રકારનું ક્રિકેટ રમી રહ્યો છે, તેનામાં આત્મવિશ્વાસ છલકાઈ રહ્યો છે. તે અપેક્ષાઓ અને ટીકાના બોજથી સંપૂર્ણપણે મુક્ત લાગે છે.

# ICC ભારત બહાર મેચો ખસેડવા તૈયાર નથી, બાંગ્લાદેશ જીદ પર અડગ

**વીડિયો** કોન્ફરન્સમાં આઇસીસીએ પુનર્વિચાર કરવા કહ્યું, જ્યારે બીસીબીએ પોતાની માગ દોહરાવી

**બાંગ્લાદેશ** ક્રિકેટ બોર્ડ પોતાના ખેલાડીઓને ભારત ન મોકલવાના નિર્ણય પર અડગ



ઢાકા, તા. 13 (પીટીઆઈ) : આઈસીસીએ મંગળવારે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ને તેની ટી-20 વર્લ્ડકપ મેચોને ભારત બહાર ખસેડવાની માગ પર પુનર્વિચાર કરવા વિનંતી કરી હતી, પરંતુ બીસીબીએ સુરક્ષા ચિંતાઓનો પુનરાવર્તિત કરીને તેમ કરવાનો ઇનકાર કર્યો હતો. એક નિવેદનમાં, બીસીબીએ કહ્યું કે બોર્ડનો નિર્ણય એ જ રહેશે, જોકે આઇસીસીએ તેની વિનંતી સ્વીકારવાનો ઇનકાર કર્યો છે. તેણે કહ્યું કે બંને પક્ષો શક્ય ઉકેલો શોધવાનું ચાલુ રાખશે.

સુરક્ષા કારણોસર બીસીબીએ આઈસીસીને તેની વર્લ્ડકપ મેચ ભારત બહાર યોજવા વિનંતી કરી હતી, પરંતુ સાતમી ફેબ્રુઆરીથી શરૂ થનારા ટી-20 વર્લ્ડકપનું શેડ્યૂલ પહેલાથી જ નક્કી થઈ ગયું હોવાથી, આઈસીસીએ તેને મંજૂરી આપી નથી. બીસીબીએ કહ્યું કે આઈસીસીએ જણાવ્યું છે કે ટુર્નામેન્ટનું સમયપત્રક જાહેર થઇ ગયું છે અને બીસીબીને તેના નિર્ણય પર પુનર્વિચાર કરવા કહ્યું છે, પરંતુ બોર્ડનો નિર્ણય યથાવત રહેશે. બંને પક્ષો ઉકેલ શોધવાનું ચાલુ રાખવા સંમત થયા છે.

નિવેદનમાં જણાવાયું છે કે બીસીબી તેના ખેલાડીઓ, અધિકારીઓ અને સ્ટાફના હિતોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે અને આ બાબતે આઇસીસી સાથે સંપર્ક કરવાનું ચાલુ રાખશે. બીસીબીનું કહેવું છે કે તેના ખેલાડીઓ માટે ભારત પ્રવાસ કરવો સલામત નથી, પરંતુ આઈસીસીના જોખમ મૂલ્યાંકન અહેવાલમાં ટીમ માટે કોઈ ખતરો દર્શાવવામાં આવ્યો નથી. મંગળવારે આઇસીસી સાથેની વીડિયો કોન્ફરન્સમાં બીસીબી પ્રમુખ અમીનુલ ઇસ્લામ, સીઇઓ નિઝામુદ્દીન ચૌધરી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

ચર્ચા દરમિયાન, બીસીબીએ જણાવ્યું હતું કે તે ટીમને ભારત ન મોકલવાના પોતાના નિર્ણય પર અડગ છે. બાંગ્લાદેશની મેચોને ભારતની બહાર ખસેડવાની વિનંતીનો પણ પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. બાંગ્લાદેશે લીગ તબક્કામાં કોલકાતામાં ત્રણ અને મુંબઈમાં એક મેચ રમવાની છે.

# મેરી કોમનું જુનિયર બોક્સર સાથે અફેર હતું : માજી પતિનો દાવો

**મેરી** કોમના પતિએ દાવો કર્યો કે મારી પાસે અફેરના પુરાવા તરીકે તે વ્યક્તિના નામ સાથે વોટ્સએપ મેસેજીસ છે



નવી દિલ્હી, તા. 13 : મેરી કોમના માજી પતિ કરુંગ ઓંખોલરે ઓલિમ્પિક્સ મેડલિસ્ટ ચેમ્પિયન બોક્સરના દાવાઓને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે કે તેની સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે અને તેણે ખરીદેલી જમીન હડપ કરવામાં આવી છે. ઓંખોલરે આ આરોપોને નકારી કાઢીને તેને ખોટા ગણાવવાની સાથે એવો પણ દાવો કર્યો હતો કે મેરી કોમ લગ્નેત્તર સંબંધોમાં સંડોવાયેલી હતી.

ઓંખોલરે જણાવ્યું હતું કે તેનો લગ્નેત્તર સંબંધ 10 વર્ષથી વધુ જૂનો છે. તેણે કહ્યું હતું કે મેરી કોમનું 2013માં એક જુનિયર બોક્સર સાથે અફેર હતું. જેના કારણે તેમની વચ્ચે નોંધપાત્ર સમસ્યાઓ અને વિવાદો થયા હતા. એટલું જ નહીં, કરુંગે એમ પણ કહ્યું હતું કે 2017થી મેરી કોમ બોક્સિંગ એકેડેમી સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સાથે સંબંધમાં છે. હું લોક અદાલતમાં તેણે જે કહ્યું તેની ચર્ચા કરીશ. પહેલા, 2013 માં, તે એક જુનિયર બોક્સર સાથે અફેરમાં હતી. અમારા પરિવારોમાં ઝઘડો થયો, ત્યારબાદ અમે સમાધાન કર્યું. મારી પાસે પુરાવા તરીકે તેના વોટ્સએપ મેસેજીસ છે. મારી પાસે તે વ્યક્તિના નામ સાથે પુરાવા છે જેની સાથે તેનું અફેર હતું.

# ભારત સામેની સીરિઝ પછી એલિસા હીલી ઇન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહેશે

**હિલીના** નેતૃત્વ હેઠળ ઓસ્ટ્રેલિયાએ છ ટી-20 અને બે વન ડે મળી આઠ વર્લ્ડકપ જીત્યા



સિડની, તા. 13 (પીટીઆઇ) : ઓસ્ટ્રેલિયાની શ્રેષ્ઠ મહિલા ક્રિકેટરોમાંની એક એલિસા હીલી માર્ચમાં ભારત સામેની ઘરઆંગણે રમાનારી સીરિઝ પછી ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે. 35 વર્ષીય હીલી પર્થમાં ભારત સામે ત્રણ મેચની વન ડે અને એકમાત્ર મહિલા ટેસ્ટમાં છેલ્લી વખત ઓસ્ટ્રેલિયાનું નેતૃત્વ કરશે. હીલી આ વર્ષે બ્રિટનમાં યોજાનાર ટી-20 વર્લ્ડકપમાં રમવાની ન હોવાથી ભારત સામેની ટી-20 સીરિઝમાં નથી રમવાની.

મહિલા ક્રિકેટની સૌથી વિસ્ફોટક બેટ્સમેનોમાંની એક, હીલીએ એક નિવેદનમાં કહ્યું કે ભારત સામેની આગામી સીરિઝ ઓસ્ટ્રેલિયા માટે મારી છેલ્લી શ્રેણી હશે. ઓસ્ટ્રેલિયા માટે રમવાનો મારો જુસ્સો અકબંધ છે, પરંતુ શરૂઆતથી જ મને પ્રેરિત કરતી સ્પર્ધાત્મક ભાવના થોડી ઓછી થઈ ગઈ છે, તેથી નિવૃત્તિ લેવાનો આ યોગ્ય સમય લાગે છે. હિલીના નેતૃત્વ હેઠળ, ઓસ્ટ્રેલિયાએ છ ટી20 ફોર્મેટમાં અને બે વન-ડે મળીને આઠ વિશ્વ ખિતાબ જીત્યા છે.

### એલિસા હિલીની કેરિયર આંકડાની નજરે

| ફોર્મેટ | મેચ | રન | સર્વોચ્ચ | એવરેજ | 100 | 50 | કેચ | સ્ટમ્પિંગ |
|---|---|---|---|---|---|---|---|---|
| ટેસ્ટ | 10 | 489 | 99 | 30.56 | 0 | 3 | 22 | 2 |
| વન ડે | 123 | 3563 | 170 | 35.98 | 7 | 18 | 85 | 38 |
| ટી-20I | 162 | 3054 | 148* | 25.45 | 1 | 17 | 65 | 63 |

# પાકિસ્તાનમાં જન્મેલા અમેરિકન ક્રિકેટર અલી ખાને ભારતે વિઝા નકાર્યાની પોસ્ટ મૂકી

નવી દિલ્હી, તા. 13 : ભારતમાં રમાનારા ટી-20 વર્લ્ડકપના આયોજન માટેની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે એક તરફ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ ભારત બહાર મેચ કરાવવાની માગ કરી રહ્યું છે ત્યારે હવે પાકિસ્તાનમાં જન્મેલા એક અમેરિકન ક્રિકેટર અલી ખાને ભારતે તેના વિઝા નકાર્યાના સમાચાર શેર કર્યા છે. જો કે મહત્વની વાત એ છે કે અમેરિકાએ હજુ સુધી ટી-20 વર્લ્ડકપ માટેની ટીમ જાહેર કરી નથી. અમેરિકન ઝડપી બોલર અલી ખાને આવી પોસ્ટ મૂકીને વિવાદ જગાવવાનો જ પ્રયાસ કર્યો છે. પાકિસ્તાનના પંજાબના અટોકમાં જન્મેલા અલી ખાનો મંગળવારે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોતાનો એક ફોટો પોસ્ટ કર્યો જેમાં કેપ્શન હતું, 'ભારતના વિઝા નકારાયા, પણ જીત માટે KFC'. અમેરિકાની ટીમની હજુ સુધી જાહેરાત કરવામાં આવી નથી, અને એવું માનવામાં આવે છે કે અલી ખાનનો તેમાં સમાવેશ થશે. પાકિસ્તાની મૂળના અમેરિકન ટીમના ત્રણ અન્ય સભ્યો શાયાન જહાંગીર, એહસાન આદિલ અને મોહમ્મદ મોહસીન સાથે પણ આવું થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

# માજી વિમ્બલડન ફાઇનલિસ્ટ મિલોસ રાઓનિકની નિવૃત્તિ

ઓટાવા, તા. 13 (એપી) : માજી વિમ્બલડન ફાઇનલિસ્ટ મિલોસ રાઓનિકે ટેનિસમાંથી નિવૃત્તિ લીધી છે. રાઓનિક 2016માં વિમ્બલડનમાં ગ્રાન્ડ સ્લેમ ફાઇનલમાં પહોંચનાર પ્રથમ કેનેડિયન પુરુષ ખેલાડી બન્યો હતો. તેણે સેમિફાઇનલમાં રોજર ફેડરરને 6-3, 6-7, 4-6, 7-5, 6-3 થી હરાવ્યો હતો પરંતુ ફાઇનલમાં એન્ડી મરે સામે હાર્યો હતો. તે વર્ષે તે ઓસ્ટ્રેલિયન ઓપનની સેમિફાઇનલમાં પણ પહોંચ્યો અને તેની કેરિયરના સર્વોચ્ચ ત્રીજા ક્રમાંક સુધી પહોંચ્યો હતો. રાઓનિકે X પર લખ્યું કે હું મારી જાતને સૌથી ભાગ્યશાળી વ્યક્તિ માનું છું કે જેને મારા સપનાઓને સાકાર કરવાની અને તેમને સાકાર કરવાની તક મળી. પરંતુ હવે ગુડબાય કહેવાનો સમય આવી ગયો છે. હું ટેનિસમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું. શક્તિશાળી સર્વિસ માટે 'ધ મિસાઇલ' તરીકે ઓળખાતા રાઓનિકે 2011માં પ્રોફેશનલ બન્યા પછી આઠ ATP સિંગલ્સ ટાઇટલ જીત્યા છે.

# બ્લિચફેલ્ડે ઈન્ડિયા ઓપન સ્થળની ટીકા કરી, BAIએ તેના દાવાને ફગાવ્યા

**બ્લિચફેલ્ડે** ઇન્ડિયા ઓપનના સ્થળને રમતની પરિસ્થિતિને અસ્વચ્છ ગણાવી BWFના હસ્તક્ષેપની માગ કરી

**બ્લિચફેલ્ડના** સ્વચ્છતાના દાવાઓને બેડમિન્ટન એસોસિએશન ઓફ ઈન્ડિયાએ નકારીને બધુ બરાબર હોવાનું કહ્યું



નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ) : ડેનમાર્કની મિયા બ્લિચફેલ્ડે નવા ઈન્ડિયા ઓપન સ્થળ, આઈજી સ્ટેડિયમ ખાતે રમતની પરિસ્થિતિઓની ટીકા કરી છે, તેને ખેલાડીઓ માટે અસ્વચ્છ અને અનપ્રોફેશનલ ગણાવી છે અને વર્લ્ડ ચેમ્પિયનશિપ પહેલા પરિસ્થિતિઓ સુધારવા માટે બીડબ્લ્યુએફના હસ્તક્ષેપની માગ કરી છે. આ તરફ બેડમિન્ટન એસોસિએશન ઓફ ઈન્ડિયા (BAI) તરફથી તેની ટીપ્પણીનો જોરદાર વિરોધ કરીને સ્પષ્ટતા કરવામાં આવી છે કે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ ખાતે સ્પર્ધાનું મેદાન સારી રીતે જાળવવામાં આવ્યું છે અને સ્વચ્છતાના મુદ્દાઓથી મુક્ત છે.

ઈન્ડિયા ઓપન સુપર 750 ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પહોંચેલી બ્લિચફેલ્ડે કહ્યું હતું કે મને આશા હતી કે અહીંની સ્થિતિ અન્ય હોલ કરતાં સારી હશે, પરંતુ તે હજુ પણ ખૂબ જ ગંદુ છે અને ખેલાડીઓના સ્વાસ્થ્ય માટે સારું નથી. દરેક વ્યક્તિ બે જોડી ટ્રાઉઝર, જેકેટ, મોજા અને ટોપી પહેરીને પ્રેક્ટિસ કરી રહી છે. તેણે કહ્યું કે ઠંડી અને અસ્વચ્છ વાતાવરણે ખેલાડીઓની મુશ્કેલીઓ વધારી છે. તેણે કહ્યું કે હું જાણું છું કે દરેક વ્યક્તિ પરિસ્થિતિ સુધારવા માટે પોતાના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે પરંતુ હજુ પણ ઘણો લાંબો રસ્તો કાપવાનો બાકી છે.

જાન્યુઆરીની શરૂઆતમાં, ઈન્ડિયા ઓપન કેડી જાધવ હોલમાં રમાઈ હતી અને તે સમયે પણ બ્લિચફેલ્ડે પરિસ્થિતિઓને અસ્વીકાર્ય અને અસ્વચ્છ ગણાવી હતી. તેણે કહ્યું કે પરિસ્થિતિ બદલાઈ નથી. ગઈકાલે, જ્યારે હું પ્રેક્ટિસ કોર્ટ પર આવી ત્યારે પક્ષીઓ ઉડતા ઉડતા કોર્ટ પર અથડાતા હતા. આ સ્વસ્થ કે સામાન્ય નથી. ઘણા ખેલાડીઓ આ સ્થિતિમાં રમવા માટે તૈયાર નહીં હોય. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનને ખાતરી કરવી પડશે કે પરિસ્થિતિ સુધરે. આ વર્ષના અંતમાં અહીં વર્લ્ડ ચેમ્પિયનશિપ યોજાવાની છે.

### સુડોકુ ૬૨૨૪ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | | ૬ | ૭ | ૧ | ૯ |
| ૧ | | | | ૫ | | ૪ | ૬ | ૮ |
| ૮ | ૬ | | | | | ૨ | ૩ | ૫ |
| ૪ | | ૮ | | | ૨ | | | ૬ |
| | | ૫ | | | | ૮ | | ૭ |
| ૭ | ૨ | | | ૯ | ૮ | | ૪ | |
| ૫ | ૮ | | ૯ | | | | | ૪ |
| ૬ | ૭ | ૯ | | | ૫ | | ૮ | |
| ૨ | | | ૮ | | | | | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ભમરીનો ડંખ**

સિંધવનું વસ્ત્રગાળ ચૂર્ણ નાંખી ઉપર ઘી ઘસવું . પંદર મિનિટ ઘસવું . Epsom સોલ્ટ પાણી સાથે લગાડો.

### વિજય હજારે ટ્રોફી

# દિલ્હી, એમપી હાર્યા, વિદર્ભ અને પંજાબ સેમીમાં

બેંગલુરુ, તા. 13 (પીટીઆઈ) : વિજય હજારે ટ્રોફીમાં ગત સિઝનના રનર્સ-અપ વિદર્ભે શિસ્તબદ્ધ અને ઓલરાઉન્ડ પ્રદર્શન કરીને મંગળવારે અહીં દિલ્હીને હરાવીને સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. તેના પહેલા રમાયેલી અન્ય એક ક્વાર્ટર ફાઈનલમાં પંજાબની ટીમે મધ્યપ્રદેશને હરાવીને અંતિમ ચારમાં પોતાનું નામ લખાવ્યું હતું. સેમિફાઈનલમાં વિદર્ભનો મુકાબલો કર્ણાટક સામે થશે. શુક્રવારે બીજી સેમિફાઈનલમાં સૌરાષ્ટ્રનો મુકાબલો પંજાબ સામે થશે. પ્રથમ બેટિંગ કરતા, વિદર્ભે યશ રાઠોડ અને ઓપનર અથર્વ તાયડેના યોગદાનની મદદથી નવ વિકેટે 300 રનનો પડકારજનક સ્કોર બનાવ્યો હતો. જવાબમાં દિલ્હીની ટીમ 45.1 ઓવરમાં 224 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. તેમને કેપ્ટન ઋષભ પંત અને વાઈસ કેપ્ટન આયુષ બદોનીની ખોટ સાલતી હતી. અન્ય મેચમાં પ્રથમ બેટિંગ કરવા મોકલવામાં આવેલા પંજાબે કેપ્ટન પ્રભસિમરન સિંહના 86 બોલમાં 88 રન, અનમોલપ્રીત સિંહના 62 બોલમાં 70 રન, નેહલ વઢેરાના 38 બોલમાં 56 રન અને હરનૂર સિંહના 71 બોલમાં 51 રનની મદદથી છ વિકેટે 345 રન બનાવ્યા હતા. જવાબમાં મધ્યપ્રદેશની ટીમ 31.2 ઓવરમાં 162 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.


**મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ** Muthoot Homefin

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 19-એનઇ, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

**કબજા નોટિસ** (સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 (1)ની સાથે એપેન્ડીક્સ-IVને વાંચવા મુજબ)
નીચે સહી કરનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી છે, સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને કલમ 13 (2)ને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરીને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત ઋણ લેનારાઓને-જામીનદારોને નોટિસમાં ઉલ્લેખિત રકમ કથિત નોટિસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા ડિમાન્ડ નોટિસો જારી કરી હતી. ઋણ લેનારાઓ રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ઋણ લેનારાઓ-સહ-ઋણ લેનારાઓ-જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને ઉપરોક્ત નિયમના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખિત મિલકતોનો કબજો મેળવ્યો છે. ખાસ કરીને ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે આ મિલકત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલકત સાથે કોઈ પણ સોદો નીચે ઉલ્લેખિત રકમ સાથે તેના પર વ્યાજની સાથે મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના ચાર્જને આધીન રહેશે.
સિક્યોર્ડ મિલકતો પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય માટે ઋણ લેનારાઓનું ધ્યાન ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) તરફ દોરવામાં આવે છે.

| ક્રમ સંખ્યા | ઋણ લેનારાઓ-સહઋણ લેનારાઓનું નામ-લોન એકાઉન્ટ નંબર/ શાખા | સિક્યોર્ડ મિલકતોની સંક્ષિપ્ત વિગતો | ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી રકમ (રૂપિયામાં) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | વિશાલકુમાર ગજેન્દ્રભાઈ સોલંકી/ નેહા વિશાલકુમાર સોલંકી/ 043-04300128/ ભરૂચ | પ્લોટ નં. ૧૫ વિશ્વાસ રેસિડેન્સી કીમ- કોસંબા મેઈન રોડ તા. માંગરોલ, જિલ્લો સુરત, ગુજરાત ભરૂચ ગુજરાત ૩૯૪૧૨૦. સીમાઃ ઉત્તરઃ પ્લોટ નં. ૧૪, દક્ષિણઃ પ્લોટ નં. ૧૬, પૂર્વઃ સોસાયટી રોડ, પશ્ચિમઃ બ્લોક નં. | ૨૦-માર્ચ-૨૦૨૫/ રૂપિયા ૧૧,૮૧,૮૨૮/- (રૂપિયા અગિયાર લાખ એકાસી હજાર આઠસો અઠ્ઠાવીસ માત્ર.) | 10-Jan-2026 |
| 2. | ડાહ્યાભાઈ ઝવેરભાઈ રોહિત/ મુકેશકુમાર ડાહ્યાભાઈ રોહિત /004- 00000267/ સુરત | પ્લોટ નં. ૧૮૬, "ડિવાઇન વિલા" ૪૪.૬૨ ચોરસ મીટર, રોડ અને ખુલ્લી જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સો સાથે ૧૪.૭૨ ચોરસ મીટર, રાજ્ય ગુજરાત, જિલ્લો સુરત, પેટા-જિલ્લો અને તાલુકા માંગરોલ મોજે ગામ હલ્થુરન ઉત્તર- સંલગ્ન પ્લોટ નં. ૧૮૭, દક્ષિણ- સંલગ્ન પ્લોટ ૧૮૫, પૂર્વ- સંલગ્ન પ્લોટ નં.૧૯૨, પશ્ચિમ- સંલગ્ન સોસાયટી રોડ | ૨૪-જૂન-૨૦૨૫/ રૂપિયા ૮,૨૫,૩૬૨/- (રૂપિયા આઠ લાખ પચીસ હજાર ત્રણસો બાસઠ માત્ર.) | 11-Jan-2026 |
| 3. | રાકેશભાઈ ભીખાદાસ ગુપ્તા/સીતાબેન રાકેશભાઈ ગુપ્તા/004-00000279/ સુરત | પ્લોટ નં.૧૮૪, બુલ્ડિંગનું નામ અને નંબર ડેવાઈન વિલા સર્વે નં. બ્લોક નં. ૭૪૩/૧ આર.એસ નં. ૭૩૭,૭૩૮,૭૩૯ ખાટા નં. ૪૭૮ જિલ્લો માંગરોળ પિનકોડ-૩૯૪૧૨૦, ઉત્તર- પ્લોટ નં.૧૮૫, દક્ષિણ- પ્લોટ નં. ૧૮૩, પૂર્વ- પ્લોટ નં. ૧૯૪, પશ્ચિમ- સોસાયટી રોડ | ૨૪-જૂન-૨૦૨૫/ રૂપિયા ૫,૩૪,૬૬૬/- (રૂપિયા પાંચ લાખ ચોત્રીસ હજાર છસો છાસઠ માત્ર.) | 11-Jan-2026 |
| 4. | ભાનુપ્રકાશ શેષનારાયણ શુક્લ/સરિતા ભાનુપ્રકાશ શુક્લ/004-00404620/સુરત | ફ્લેટ નં. ૫૧૧, પાંચમો માળ રોયલ રેસિડેન્સી સોની પાર્ક હાઉસિંગ સોસાયટી- ૨ સુરત બારડોલી હાઇવે તાતીથૈયા, પલસાણા સુરત જિલ્લો-સુરત રાજ્ય-ગુજરાત પિનકોડ- ૩૯૪૩૦૫, સીમાઓ ઉત્તર- પ્લોટ નં. ૩૭,૩૮, દક્ષિણ- ફ્લેટ નં. ૫૧૦, પૂર્વ- ફ્લેટ નં. ૫૦૧, પશ્ચિમ- સંલગ્ન પ્લોટ નં. ૪૩,૪૪,૪૫,૪૬ | ૨૧-જુલાઈ-૨૦૨૫/ રૂપિયા ૪,૩૧,૭૪૦/- (રૂપિયા ચાર લાખ એકત્રીસ હજાર સાતસો ચાલીસ માત્ર. | 10-Jan-2026 |

તારીખ: 14 જાન્યુઆરી, 2026
સ્થળ: સુરત, ભરૂચ

એસડી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ


### શબ્દગુંફન - ૭૧૪૫

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. ખોટો આચાર, દંભ (૪)
૪. અરુચિ, અપ્રીતિ (૩)
૬. કામચલાઉ (૫)
૮. ગરક, મસ્ત, તલ્લીન (૪)
૧૦. પ્યાલો (૨)
૧૨. દુશ્મન (૨)
૧૩. પાલક, રક્ષક (૨)
૧૪. વિદ્યુત, વીજળી (૨)
૧૫. કિનારો, કાંઠો (૨)
૧૭. કિંમત, મૂલ્ય (૨)
૧૮. તંતુ, દોર (૨)
૧૯. મીણબત્તી, દીવો (૨)
૨૧. આંખ, લોચન (૩)
૨૪. રાત્રિ, રજનિ (૨)
૨૬. ઘોડાનો હણહણાટ (૨)
૨૭. ઘોડી (૨)
૨૮. એક જળચર (૩)
30. એક જાતનું ઝીણું કાપડ (૪)
33. ધર્મેન્દ્રની એક ફિલ્મ (૨)
૩૫. આનંદ, વિનોદ (૩)
૩૬. ગોરા લોકોનો દેશ, ઈંગ્લેન્ડ (૪)

**ઊભી ચાવી**

૧. દોસ્ત, ભાઇબંધ (૨)
૨. કાળજી, ચાલાકી, ચેતવણી (૩)
3. આસમાની (૨)
૪. સમૂહ (૩)
૫. ભૂખ્યા અને દુઃખી લોકોનું ટોળું (૨)
૬. જાસૂસ, ખેપિયો (૨)
૭. ઘર આંગણાનું એક પંખી (૩)
૮. આચરણ, જીવનચરિત્ર (૩)
૯. ભૂકો (૨)
૧૧. પોતાનું (૨)
૧૩. ઠીંગણું (૩)
૧૪. ભાઇ (૨)
૧૬. મીટ, અનિમેષ નજર (૨)
૧૮. ધૂન, મસ્તી (૨)
૨૦. માહિતગાર, જાણકાર (૩)
૨૨. જોડકું (૩)
૨૩. રોજગાર (૨)
૨૫. અંધકાર (૨)
૨૭. દાણાવાળું એક કઠોળ (૨)
૨૯. ખપ, જરૂર (૩)
30. વિક્રમ સંવતનો એક મહિનો (૨)
૩૧. સ્ત્રી, નારી (૩)
૩૨. કિનારો (૨)
33. દેખાતુ બંધ થવું તે (૨)
૩૪. લેખ, દસ્તાવેજ (૨)



### આજનું પંચાંગ

**તા. 14/01/2026, બુધવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1947
**વીર સંવત** : 2552 **માસ** : પૌષ
**તિથિ:** વદ, અગિયારસ 17:53
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : શિશિર
**રાષ્ટ્રિય દિનાંક** : પૌષ: 24 **નક્ષત્ર** : અનુરાધા : 27:04 પછી જન્મેલાની જયેષ્ઠાની શાંતિ કરાવવી
**યોગ** : ગંડ **કરણ:** કૌવલ **રાશિ:** વૃશ્ચિક (ન.ય.)
**દિવસ** : મિશ્ર ષટતિલા એકાદશી, સૂર્ય મકરમાં 15:08 થી ધનાર્ષ કમૂર્તા સમાપ્ત:15:08 થી પૌગલ, માઘબિહુ, **સુરતમાં સૂર્યોદય** : 07:20
**સુરતમાં સૂર્યાસ્ત** : 18:16
**નવકારસી** : 08:08
**પારસી વર્ષ** : 1395, શેહરેવર માસનો 03જો રોજ
**મુસલમાન વર્ષ** : 1447 રજ્જબ માસનો 24મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ , લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ** : બપોરે:- 12:00 થી 13:30 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** અચાનક ઇચ્છિત મુલાકાત થાય. અટકેલાં કામમાં ગતિ આવે. વારસા બાબતે પ્રગતિ ચોર-લુટારુથી સાવધાન રહેવું.

**વૃષભ (બ,વ,ઉ,):** સરકારી કામમાં પ્રગતિ થાય. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. શત્રુઓથી સાવધાન રહી તકનો લાભ લેવો.

**મિથુન (ક,છ,ઘ,):** નોકર-ચાકર અને હિત શત્રુઓથી સાવધાન. આર્થિક વ્યવહારમાં કોઇની વાતમાં આવવું નહીં.

**કર્ક (ડ,હ,):** શેર, સટ્ટા, લોટરી વાયદાનાં કામ થાય. પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવી શકે છે. જીવન સાથીનો સાથ મળે.

**સિંહ (મ,ટ,):** ઘરમાં અવરજવર વધે. નવો ફેરફારથી અને વડીલોની મદદથી બહારના કામમાં રાહત મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** સ્વભાવ સ્વતંત્ર અને નિડર બનશે. કોઈની વાતોમાં નિર્ણય બદલવો નહી. અચાનક શુભ સમાચાર મળે.

**તુલા (ર,ત,):** સંતાનોના ભવિષ્ય તથા ઉંમરલાયકના વિવાહ માટેની યોજનામાં મદદ મળે.ઉઘરાણી આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય,):** માનસિક અને શારીરિક પીડાની સંભાવના છે. ધીરજ રાખવી. પડવા-વાગવાથી બચવું.શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ગુપ્ત ભય સતાવે. કૌટુંબિક સમસ્યા સતાવે. બિનજરૂરી ખર્ચા વધશે. સમાજ સેવાના કામમાં યશ મળે.

**મકર (ખ,જ,):** ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. મિત્રો સાથે આવક વધારવાની યોજના બને. પ્રેમમાં સાથ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આયાત નિકાસ વિદેશપ્રવાસ, ધાર્મિક સાહિત્ય, શિક્ષણ ટેક્નોલોજીને લગતાં કામમાં પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** જીવન સાથી સ્નેહીઓનો સાથ સામાજિક કામમાં મળે. વિદેશથી શુભ સમાચાર મળે. આવક વધે.

### કોઈ પણ સાલમાં 14 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધાવ્યવસાયમાં ટેકનલોજી અને આધુનિક રીત રસમ પ્રમાણે કામ કરવાની તક મળે. દોડ-ધામ વધે. નવા ફેરફારથી કામનો બોજ રહે. નવી તકથી લાભ થાય. મિત્રો-વડીલોની મદદ સંતાનનાં અને સામાજિક કામમાં ઉપયોગી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ સરળ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અનુકૂળતા વધે. નવા ધંધા-વેપારની યોજનાથી આર્થિક લાભ વધે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય પ્રશ્નો સતાવે. નવા ઘર વાહન, મકાનનાં કામ પાર પડશે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. વર્ષ દરમિયાન, લીલા રંગનો ઉપયોગ કરતાં રહેવું. કાળો અને ઘાટો લાલ રંગ ટાળવો. મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ - શુક્રવાર, 05,14,23 તારીખે નવા કામ કરી શકાય. જૂન - જુલાઈ શનિવાર 7, 16, 25 તા. ટાળવી યાત્રા પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે.

# WPL : આજે દિલ્હી કેપિટલ્સ અને યુપી વોરિયર્સ વચ્ચે જંગ

નવી મુંબઈ, તા. 13 (પીટીઆઇ) : WPLમાં આવતીકાલે બુધવારે જ્યારે અહીં યુપી વોરિયર્સ અને દિલ્હી કેપિટલ્સની ટીમો એકબીજાનો સામનો કરશે, ત્યારે તેમનું ધ્યાન પાવરપ્લેમાં તેમના પ્રદર્શનને સુધારવા પર રહેશે. વોરિયર્સના બેટ્સમેનોએ પાવરપ્લેમાં અપેક્ષા મુજબ પ્રદર્શન કર્યું નથી, જ્યારે કેપિટલ્સના બોલરો રમતના આ મહત્વપૂર્ણ તબક્કામાં સંઘર્ષ કરી રહ્યા છે.


**દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ** DGVCL

CINU40102GJ2003SGC042909
ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી
મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

**વીજપુરવઠો બંધ રેહવા**

આથી અમારા આમોદ સબડીવીઝન ના માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલા વીજ ફીડરો પર સબડીવીઝન કચેરી / ૬૬ કેવી સબ સ્ટેશન નું અગત્યનું સમારકામ હોવાથી તેમાંથી વીજપુરવઠો મેળવતા તમામ વીજગ્રાહકો તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વીજપુરવઠો મળી શકશે નહીં. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાન કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવા માં આવશે, જેની જાહેર જનતા ને ખાસ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી આમોદ | તમામ ૧૧ કેવી ફિડરો | આમોદ | ૮૯૮૦૮૦૩૯૧૯ | ૧૭-૦૧-૨૦૨૬/શનિવાર | ૮:૦૦ થી ૧૫:૦૦ |

એમ.સી.બી / ઈ.એલ.સી.બી/આર.સી.સી.બી લગાવી વીજળીના ઝાટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો